# સેક્યુર ઓર્ગેનિક પ્રાઈવેટ લીમીટેડ

ઓફીસ : ૫૬, ચકલા સ્ટ્રીટ, રૂમ નં. ૨૧, ત્રીજે માળે, મસ્જીદ, મુંબઈ - 400 003. મહારાષ્ટ્ર
સંપર્ક ફોન : 09820210518, 09820408140, 09594684450 ઈમેલ :secure.organic@gmail.com
વેબ : www.secureorganic.com


## આંબા-કેરી.... લટકતા ધનને સહજ રીતે ઘર ભેગું કરીએ...

ભારત તેમજ વિશ્વમાં જેની મુખ્ય ફળ તરીકે ગણના થાય છે તે ફળોનો રાજા કેરી, દિવસે દિવસે ખેડૂતો માટે ચિંતાજનક બની રહી છે. ખૂબ આવે, ન આવે, ઓછી આવે, મોડી આવે, રોગચાળો વિ.વિ. કારણે આ લટકતું ધન સરળ અને સહજ રીતે ઘરમાં લાવવું હોય તો પ્રાચીન સમયથી, વંશપરંપરાત ખેતી પદ્ધતિ અપનાવવી-તેમાં વિજ્ઞાન અને સમજદારીનો જે અવકાશ છે તે પૂરવો રહ્યો.

જમીન-હવામાન-રોપણી-જમીનની તૈયારી વિ. બાબતમાં આપણે જાણતા હોવાથી કેટલીક ખાસ અગત્યની બાબતો તરફ જ ધ્યાન કેન્દ્રિત કરીશું.

નવી રોપણી ૧૦' X ૧૦' ફૂટથી લઈ ૧૫' X ૧૫' ફૂટના અંતરે જ કરવું. શક્યતઃ કેટલીક ચોકડી ઉપર સીતાફળ વાવવા. જે જાતની આંબાવાડી કરવા માંગતા હોય તેનું પ્રમાણ ૭૦% થી ૯૦% રાખવું. ૧૦% કે તેથી વધુ બીજા પ્રકારની- જાતનીકલમ વાવવી- ટૂંકમાં મોનોકલ્ચર કરવું નહીં. વાવણી વખતે બાયોકમ્પોસ્ટ અને કુદરતી પોષક તત્તવોનો **(ઑર્ગી માઈક્રોબ્સ)** ઉપયોગ કરવો. નવી કલમની રોપણીના ૧-૩ માસ બાદ કલમથી ૧૦" થી ૧૨" દૂર એક તુવેર/મગ એક તરફ ૧૨-૧૮ દૂર બીજી તરફ એક દિવેલો વાવવો. આમ કરવાથી કલમને ગરમી સામે રક્ષણ મળશે, મૂળમાં નાઈટ્રોજન અને સેન્દ્રિય તત્ત્વો મળશે અને રોગપ્રતિકારક શક્તિ વધશે.

નવી કલમ સાથે કે આંબાવાડીમાં ઔષધિય વનસ્પતિ જેવી કે અશ્વગંધા, સતાવરી, કુંવારપાઠું અથવા તો શાકભાજી કે ફૂલોની ખેતી આંતર પાક તરીકે ફાયદાકારક રહેશે. આ ઉપરાંત વાડીમાં પ્રતિ એકર... ૧૦૦-૧૫૦ ગલગોટા, ૧૦૦-૧૫૦ તુલસી, ૬-૮ ક્રોટોન, ૮-૧૦ કુંવારપાઠુ બારેમાસ રહેવા જોઈએ. ગલગોટાના ફૂલ નિયમિત તોડતા રહેવું અને છોડ ફૂલ આપતા બંધ થાય ત્યારે વાડીમાં - ખેતરની આડા પાડી દેવા. આ ઉપરાંત પ્રતિ દશ અકરે ૧૦ લીમડા, ૧ આંબલી અને ૧ મહુડો દક્ષિણ-પશ્ચિમ દિશાઓમાં, ખેતરની પાળ કે રસ્તા ઉપર કે ખેતરની અંદર તરફ વાવવા. સાથે-સાથે દેડકાની વસ્તી કુદરતી રીતે વધવા દેવી. આમ કરવાથી જમીનની ફળદ્રુપતા ટકશે અને વધશે, રોગપ્રતિકારક શક્તિ વધશે, ફૂગ અને રોગની જીવાત ઘટશે. જમીનના સૂક્ષ્મ જીવાણું વધશે. આવક વધારવા ચંદન કે આયુર્વેદિક વનસ્પતિના વૃક્ષો વાડની અંદર વધુ વાવવાં. જો શક્ય હોય તો બે ખેતરની વચ્ચે વાડની જગ્યાએ વૃક્ષો વાવવાં / બે ખેતર વચ્ચે સહમતિથી વાવવા અને વહેંચવા, ઉપજ વહેંચવી.

### માવજત... ખાતર ... પાણી વિ.:

આ એક ખૂબજ અગત્યની બાબતોનું આપણે મોટા ભાગે ધ્યાન આપતા નહીં. સહજ અને સરળ પધ્ધતિ નીચે મુજબ ગોઠવી શકાય. થડથી ઘટા વચ્ચેનું અંતર ફૂટમાં માપો (ધારોકે ક ફૂટ છે) ક/૨ = કિલો દિવેલી ખોળ, ક/૨ X ૫ = કિલો બાયોકમ્પોસ્ટ, ૫૦ થી ૧૦૦ મીલી કાચુ દિવેલ, ૫૦ થી ૧૦૦ મીલી ઑર્ગીશક્તિ, ૨ થી ૫ લીટર ગૌમૂત્ર (પાણી સાથે મિશ્ર કરેલું) આંબાવાડીમાં દરેક આંબાને (કે ફળની વાડીમાં વૃક્ષને) એકજ દિશામાં, એકજ તરફ, થડ અને ઘટા વચ્ચે ખામણું -ચાસ-કરી આપવું. અડધા ભાગમાં જ ખમણાં કરવા. કોઈપણ સંજોગોમાં થડને પાણી કે ખાતર અડકવું જોઈએ નહીં. ફળફળાદિને ધીમે પચતો ખોરાક આપવો.

### ક્યારે આપવું?:

જો કલમ નાની હોય અથવા પાક ન હોય તેવા આંબાને ચોમાસાના ૩-૪ અઠવાડિયા પહેલાં અને જ્યાં પાક હોય ત્યાં છેલ્લુ પાણી આપ્યા બાદ ૧૫ દિવસ પછી (સાધારણ રીતે કેરી ઉતારવાના એક માસ પહેલાં છેલ્લી પિયત- પાણી આપવામાં આવે છે.) અથવા કેરી ઉતારવાના ૧૫ દિવસ પહેલાં ઉપર જણાવેલ પ્રમાણ પ્રમાણે માવજત કરવી. ખાતર આપ્યા બાદ પાણી આપવું નહીં. ચોમાસાની રાહ જોવી. આ સમય દરમ્યાન મજુરો કેરી ઉતારવામાં રોકાયેલા ન હોય, કામ સરળ બનશે અને ચોમાસા પહેલાં થઈ શકશે.

### કેરી ઉતાર્યા બાદઃ

જે આંબા બીજાને અડકતા હોય તો પ્રથમ વર્ષે એકજ દિશામાં, એકજ તરફ, બીજા વર્ષે બીજી દિશામાં અને એમ દર વર્ષે દિશાઓ બદલતા રહી એકજ તરફ છાંટણી કરવી (પ્રુનિંગ કરવું). નવા વાવેતરમાં ઉંચાઈ ૧૦ ફૂટની આસપાસ રાખવી. સૂકી ઠાળીઓ અને વાંદાઓ દૂર કરવા. આમ કરવાથી કેરીનું ઉત્પાદન, ગુણવત્તા સુધરશે અને સમયસર ફળ આપશે.

કદાચ વહેલું આપવાની શક્યતા પણ ઘણી રહેશે અને સૌથી વિશેષ નિયમિત આપશે. સૂકી ડાળીઓ, વાંદા અને છાંટણી કર્યા બાદ ૨૦૦ લીટર પાણીમાં ૫ લીટર ગૌમૂત્ર, ૫૦૦ મિલી ઑર્ગીશક્તિ, અને બોડોમિશ્રણ ભેગું કરી નીચેથી-જમીન તરફથી-ઉપર તરફ થડ, ડાળીઓ અને પાન ભીંજવતો છંટકાવ કરવો. થડ ઉપર ચૂનો, ગેરૂ લગાવી શકાય. કોઈ સંજોગોમાં ઉપરોક્ત માવજત ચોમાસા પહેલાં ન કરી હોય તો ચોમાસ બાદ તુરંત જ કરી લેવી. કેટલાક સંજોગોમાં બાયોકમ્પોસ્ટનો બીજો ડોઝ જરૂરી બને છે. ચોમાસા બાદ ઉપર બતાવ્યા મુજબ ગૌમૂત્ર સાથેનો બીજો છંટકાવ ઓક્ટોબર / નવેમ્બરેફરીથી કરવો.

જો શક્ય હોય તો શ્રાવણ માસની અમાસને દિવસે વાડી/ખેતરમાંથી દાભડો ખેંચી લાવી રાખવો અને સપ્ટેમ્બર/ઓક્ટોબર દરમ્યાન આ ખેંચીને કાઢેલો અને સૂકાયેલો દાભડો થડની ફરતે બાંધવો. દાભડા ઉપરથી પસાર થતી કેટલીક જીવાત થડ ઉપરથી ઝાડ ઉપર જઈ વધતી નથી. સંખ્યા વધતી નથી/સંખ્યા કાબૂમાં રહે છે.

ફળાઉ આંબામાં ફૂલ બેસવાનાં પહેલાં ૩૦ દિવસ સુધી પિયત આપવું નહીં. કરી, ફળ, વટાણા જેટલી થાય ત્યારે જરૂર હોય તો પાણી આપવું. કોટન / અરડૂસાના છોડના પાનનો ભેજમાપક 'માપદંડ' તરીકે ઉપયોગ કરવો. જો જરૂર પડે તો પ્રથમ પિયત સાથે, ૨૦૦ લીટર પાણીમાં ૧૦ લીટર ગૌમૂત્ર ભેગું કરી છંટકાવ કરવો. મુળને ભેજની જરૂર છે, પાણીની નહીં એ હંમેશા યાદ રાખવું. ખેતરમાં દર વર્ષે શક્ય હોય તો ૧"-૧.૫" નું મલ્ચીંગ કરવું. મલ્ચીંગ પણ થડને અડકવું જોઈએ નહીં. ૧ થી ૧.૫ ફૂટ દૂર રાખવું આંબાવાડીમાં બધે જ મલ્ચીંગ ન થાય તો ઘટાની નીચે અને બે ફૂટ બહારની તરફ કરવું.

ફૂલથી નાના ફળ બેસે તે દરમ્યાન બે થી ત્રણ વાર વાડીંગનો ધુમાડો વાડીમાં કરવો. ૨૦-૩૦ રાઈના છોડ ઉગાડવા.

આંબાવાડીમાં ગૌમૂત્ર અને બીજી વનસ્પતિજન્ય કુદરતી ઉત્પાદનોનું (ઑર્ગી શક્તિ) યોગ્ય મિશ્રણ કરી વાપરવામાં આવે તો રોગપ્રતિકારક શક્તિ વધે છે. બાયોકન્ટ્રોલનો અને કેટલાક સૂક્ષ્મ જીવાણુંઓને ઉપયોગ પણ રોગને કાબુમાં લેવા કરી શકાય. આમ કરવાથી ઝેરી રસાયણો કે દવાની જરૂર પડતી નથી. જો ઘરપત કે ધીરજ ન રહે તો એગ્રીકલ્ચર કોલેજની ભલામણ મુજબ કરવું. **પરંતુ કદી પણ કોઈપણ સંજોગોમાં મોનોક્રોટોફોસ કે પ્રતિબંધિત દવાઓ વાપરવી નહીં.**

કુદરતી જંતુપ્રતિરોધક દવાઓને પ્રાધાન્ય આપવું. જંતુઘ્ન દવાઓનો ઉપયોગ અમાસના ચારથી પાંચ દિવસ પહેલાં કરવો. રોગ સામે, જંતુ સામે અસરકારકતા વધશે અને છંટકાવની સંખ્યા ઘટશે. ફૂલથી ફળ બેસે એ દરમ્યાન કોઈપણ પ્રકારના છંટકાવ ટાળવા-ન કરવા.

ઑર્ગી શક્તિમાં સમુદ્રશેવાળ અને બીજી વનસ્પતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.જેને કારણે રોગપ્રતિકારક શક્તિ વધે છે, રોગ અવરોધક બને છે. ઑર્ગી શક્તિ જમીનની ફળદ્રુપતા અને મૂળની પાનની કાર્યશક્તિ વધારી, પાકવર્ધક છે, વાતાવરણમાં થતા અચાનક ફેરફારને સામે પ્રતિકારક શક્તિ વધારે છે. આ ઉત્પાદન વિશેની સંપૂર્ણ માહિતી રસ ધરાવત ખેડૂતોને આપીશું. ફળફળાદિની ગુણવત્તા અને સંખ્યા વધે છે.

ખેતીવાડીની આસપાસ કયૂકા, મહેંદીની કે બીજી વનસ્પતિની જીવીત વાડ કરી શકાય; કદી પણ નફફટિયાની નહીં. નફફટિયાં વાપરવાં પણ નહીં.

ચલો ત્યારે, ફળોનો રાજ કેરીને સાચવી આપણે મહારાજા બનીએ અને હા!! તમારે આ લટકતા ધનને ઘરભેગું કરી સુખશાંતિ જોઈતા હોય તો કુદરત સાથે તાદાત્મ્ય મેળવી, કુદતરી ખેતીને પ્રાધાન્ય આપો. કેરી થકી "રાજ-સુખ" પામવું હોય તો વાણિયા બુદ્ધિએ દક્ષિણ ગુજરાતમાં હાફૂસ વાવવાનું પ્રાધાન્ય આપો... મને સમજ્યાં?? ખેતીવાડીમાં પોતાની સહજબુદ્ધિને વૈજ્ઞાનિક અભિગમ સાથે વધુ પ્રાધાન્ય આપો અને યોગ્ય ફેરફાર કુદરતની જરૂરિયાત પ્રમાણે કરતા રહો. વાડી-ખેતરમાં લીમડા નીચે સુખડ વાવો. સુખડ ૧૫ વર્ષે તૈયાર થશે પરંતુ ત્યારબાદ સુખના દહાડા-દિવસો. આપણી સાત પેઢી કે પછીની પેઢીઓ પણ જોશે. બીજા ઔષધિય વૃક્ષો પણ વાવવાં.

-ડૉ. અશોક શાહ (ટેકનિકલ કન્સલ્ટંટ)